દાખલ થયા તારીખ :–૧૬–૦૪–૨૦૨૪
રજી.લીધા તારીખ :–૧૬–૦૪–૨૦૨૪
ફેંસલ થયા તારીખ :–૨૧–૧૦–૨૦૨૪
સમય:– વર્ષ માસ દિવસ

## અમદાવાદ શહેરના મહે.૧૯મા એડિશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧૩)(શ્રી એ. જી. ઓઝા) સાહેબની કોર્ટમાં, મુ. અમદાવાદ.

ફોજદારી કેસ નં.૪૫૮૦૨/૨૦૨૪.
આંક:–૧૪

શ્રી સરકાર **.....ફરિયાદી**

**વિરુધ્ધ**

**૧.** મુકેશભાઈ ઉર્ફે ગુલ્લુ રામનયન નિશાદ, ઉ.વ.૪૩, **.....આરોપીઓ**

**૨.** રાજેશભાઈ ઉર્ફે ગુડ્ડુ રામનયન નિશાદ, ઉ.વ.૪૮,
નં.૧ અને ૨ રહે. એ/૦૪, સાગર એપાર્ટમેન્ટ,
વિભાગ–૦૨, મણિયાસા, મણિનગર પૂર્વ,
ખોખરા, અમદાવાદ શહેર.

**૩.** રમેશભાઈ ઉર્ફે ગોપી રામનયન નિશાદ, ઉ.વ.૫૨,

**૪.** નિતાબેન રમેશભાઈ ઉર્ફે ગોપી નિશાદ, ઉ.વ.૪૮,
નં. ૩ અને ૪ રહે.એ/૧૭, પિંકી એપાર્ટમેન્ટ,
મણિયાસા,મણિનગર પૂર્વ, ખોખરા, અમદાવાદ શહેર.

**ગુનો:–** ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭,૧૧૪ મુજબ.

ફરિયાદપક્ષે:– વિ.એ.પી.પી.શ્રી ટી. જે. વ્યાસ
આરોપી પક્ષે:–વિ.વકીલશ્રી એસ. એસ. જનઈકર

## –::/ /ચુકાદો/ /::–

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી નિશાબેન મહેન્દ્રભાઈ ભાવસાર, ઉ.વ.૪૦નાઓ તેમના પરિવાર સાથે સાગર ફલેટ, વિભાગ–૦૨, મણિયાસા સોસાયટી, મણિનગર પૂર્વ, ખોખરા, અમદાવાદ શહેર ખાતે રહે છે.

ગઈ તા.૧૬–૦૧–૨૦૨૪ના રોજ ફરિયાદી તેણીના પરિવાર સાથે ઘરે હાજર હતી તે વખતે ફરિયાદીના પતિ મહેન્દ્રભાઈ ફલેટની બહાર કામથી ગયેલા

તે વખતે સવારના આશરે સવા દસેક વાગ્યાના સુમારે તેઓના ફલેટની નીચે બૂમાબૂમનો અવાજ આવતાં ફરિયાદી નીચે ગયેલ ત્યારે આરોપી નં.૧નાએ ફરિયાદીના પતિ મહેન્દ્રભાઈ સાથે અગાઉ થયેલ ઝઘડા બાબતે બોલાચાલી કરી બિભત્સ ગાળો બોલતાં હતાં તેથી મહેન્દ્રભાઈ ત્યાંથી જતાં રહેલ. ત્યારબાદ થોડીવારમાં તમામ આરોપીઓએ ફરિયાદી પાસે જઈ ફરિયાદીને તમારા પતિએ ગુલ્લુ સાથે ઝઘડો કરી માર મારેલ છે તેમ કહી ફરિયાદીને બિભત્સ ગાળો આપેલ અને આરોપી નં.૪નાએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારી ઝપાઝપી કરતાં ફરિયાદીના હાથમાં રહેલ ઓપ્પો મોબાઈલ તથા આઈફોન મેકસ પ્રો મોબાઈલ ફોન નીચે પડી જતાં આરોપી નં.૧નાએ ફરિયાદીનો ઓપ્પો મોબાઈલ અને આરોપી નં.૩નાએ ફરિયાદીનો આઈફોન મેકસ પ્રો મોબાઈલ ફોન જમીન પર પછાડી તોડી નાંખી કુલ રૂા.૮૧,૫૦૦/- નું નુકસાન પહોંચાડી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલાની ફરિયાદ કરેલ છે.

(૨) ફરિયાદીએ બનાવ અંગે ફરિયાદ આપેલ જે ફરિયાદ ખોખરા પોલીસ સ્ટેશનમાં પાર્ટ-એ ગુ.રજી.નં.૧૧૧૯૧૦૦૩૨૪૦૦૧૯/૨૦૨૪થી નોંધાયેલ. બાદ આ ગુના અંગે તપાસનીશ અધિકારીએ તપાસ કરી લાગતા વળગતાં સાહેદોના નિવેદન લીધેલ. બાદ આરોપીઓને ધોરણસર અટક કરી તપાસના અંતે પુરતો પુરાવો જણાતાં આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭ અને ૧૧૪ મુજબના આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૩) આ કામમાં ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ સામેના ગુનાનું સંજ્ઞાન લઇ તેના વિરુધ્ધ સમન્સ કાઢતાં, આરોપીઓ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપી આરોપીઓને તેમની સામેના આક્ષેપો તેઓને વાંચી સંભળાવી તથા સમજાવી આંક-૦૩થી આંક-૦૬ સુધી ગુનાની પ્લી લેતાં, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ. બાદ આ કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૪) આ કામે ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## (એ) <u>મૌખિક પુરાવા</u>

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી નિશાબેન મહેન્દ્રભાઈ ભાવસારની જુબાની | ૦૮ |
| ૦૨ | સાહેદ મહેન્દ્રભાઈ નવનીતલાલ ભાવસારની જુબાની | ૧૦ |

## (બી) <u>દસ્તાવેજી પુરાવા</u>

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદની નકલ | ૦૯ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલઈજા પ્રમાણપત્રોની નકલ | ૧૧ |
| ૦૩ | ફરિયાદીના ઈજા પ્રમાણપત્રની નકલ | ૧૨ |
| ૦૪ | કલોઝીંગ પુરસીસ | ૧૩ |

(૫) આ કામે ફરિયાદપક્ષે મૂળ ફરિયાદીએ આંક–૧૩થી ફરિયાદપક્ષનો પુરાવો પુરો કર્યાનું જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે. બાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક જાહેર કરતાં, રજૂ પુરાવો જોતાં આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાતો ન હોય, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૬) ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ તેમજ દલીલો ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–::મુદ્દા::–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે, ગઇ તા.૧૬–૦૧–૨૦૨૪ સાગર ફલેટ, વિભાગ–૦૨, મણિયાસા સોસાયટી, મણિનગર પૂર્વ, ખોખરા, અમદાવાદ શહેર ખાતે આરોપી નં.૦૧નાએ અગાઉ થયેલ ઝઘડાની અદાવતમાં સાહેદ મહેન્દ્રભાઈ સાથે બોલાચાલી કરી બિભત્સ ગાળો આપેલ અને તે પછી આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદીને બિભત્સ ગાળો આપેલ અને આરોપી નં.૪નાએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારી ઝપાઝપી કરતાં ફરિયાદીના હાથમાં રહેલ ઓપ્પો મોબાઈલ તથા આઈફોન મેકસ પ્રો મોબાઈલ ફોન નીચે પડી જતાં આરોપી નં.૧નાએ ફરિયાદીનો ઓપ્પો મોબાઈલ અને આરોપી નં.૩નાએ

ફરિયાદીનો આઈફોન મેકસ પ્રો મોબાઈલ ફોન જમીન પર પછાડી તોડી નાંખી કુલ રૂા.૮૧,૫૦૦/–નું નુકસાન પહોંચાડી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭ અને ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના કારણોની ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧)નકારાત્મક. (૨)આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**::–કારણો–::**

**<u>મુદ્દા નંબર:–૧</u>**

**(એ)** આ કામે મુદ્દા નં.૧ની ચર્ચા કરતાં પહેલા એ નોંધવું જરૂરી છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭ અને ૧૧૪ મુજબ આ કામના આરોપીઓએ ફરિયાદી નિશાબેન તથા સાહેદ મહેન્દ્રભાઈને બિભત્સ ગાળો આપી આરોપી નં.૪નાએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારી ઝપાઝપી કરતાં ફરિયાદીના હાથમાં રહેલ ઓપ્પો મોબાઈલ તથા આઈફોન મેકસ પ્રો મોબાઈલ ફોન નીચે પડી જતાં આરોપી નં.૧નાએ ફરિયાદીનો ઓપ્પો મોબાઈલ અને આરોપી નં.૩નાએ ફરિયાદીનો આઈફોન મેકસ પ્રો મોબાઈલ ફોન જમીન પર પછાડી તોડી નાંખી કુલ રૂા.૮૧,૫૦૦/–નું નુકસાન પહોંચાડી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોવાનો આક્ષેપ છે ત્યારે ફરિયાદપક્ષે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત પ્રમાણે આરોપીઓ સામેના તમામ આક્ષેપો વાજબી પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવા પડે અને તેમ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય તો તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે.

**(બી)** ઉપરોકત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલ પુરાવા પરથી હાલના બનાવ માટે આરોપીઓ જવાબદાર છે કે કેમ? તેમજ ફરિયાદ મુજબનો બનાવ બનેલ છે કે કેમ તે બાબતેની તકરારના સંદર્ભમાં પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે સૌપ્રથમ ફરિયાદી નિશાબેન મહેન્દ્રભાઈ

ભાવસારને આંક–૦૮થી સોગંદપર તપાસતાં તેઓએ એવો પુરાવો આપેલ છે કે બનાવ તા.૧૬–૦૧–૨૦૨૪ના રોજ બનેલો. તે વખતે બૂમાબૂમ થતાં ફ્લેટની નીચે ગયેલ અને તેઓના ફ્લેટમાં રહેતાં ગુલ્લુ નિશાદ જે તેણીના પતિ સાથે સામાન્ય બોલાચાલી કરતાં હતાં તેથી વિશેષ કાંઈ બનેલ નહીં. આ બાબતે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી જે ફરિયાદ આંક–૦૯થી રજૂ કરેલ છે.

સદરહુ ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન નહીં આપતાં વિ.એ.પી.પી.શ્રીએ ઉપરોકત સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાની માંગતા, પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસ દરમ્યાન ફરિયાદપક્ષના કેસને કોઈ સમર્થનકારક પુરાવો રજુ થયેલ નથી.

બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ તેણીને કે તેણીના પતિને કોઈ ગંદી ગાળો આપેલ નથી કે ગડદાપાટુનો માર મારેલ નથી કે હથિયાર વડે મારેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ ડૉકટર રૂબરૂ કોઈના નામ લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરિયાદમાં શું લખેલ તે કાંઈ જાણતી નથી. તેણીએ ફરિયાદ વાંચેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે આરોપીઓ પાસે કોઈ હથિયાર ન હતાં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ તેઓને કોઈ ધમકી આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ તેઓના મોબાઈલ ફોનને નુકસાન કરેલ નથી.

(બી.૧) ફરિયાદપક્ષે સાહેદ મહેન્દ્રભાઈ નવનીતલાલ ભાવસારને આંક–૧૦થી તપાસતાં તેઓએ એવો પુરાવો આપેલ છે કે બનાવ તા.૧૬–૦૧–૨૦૨૪ના રોજ બનેલો. તે વખતે બૂમાબૂમ થતાં તેઓના પત્નિ ફ્લેટની નીચે ગયેલ અને તેઓના ફ્લેટમાં રહેતાં ગુલ્લુ નિશાદ જે તેઓની સાથે બોલાચાલી કરતાં હતાં તેથી વિશેષ કાંઈ બનેલ નહીં. આ બાબતે તેઓના પત્નિએ ફરિયાદ આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલ.

સદરહુ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન નહીં આપતાં વિ.એ.પી.પી.શ્રીએ ઉપરોકત સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાની માંગતા, પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસ દરમ્યાન ફરિયાદપક્ષના કેસને કોઈ સમર્થનકારક પુરાવો રજુ થયેલ નથી.

બચાવપક્ષે સાહેદની ઉલટતપાસ કરતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ તેઓને કે તેમના પત્નિને કોઈ ગંદી ગાળો આપેલ નથી કે ગડદાપાટુનો માર મારેલ નથી કે કોઈ હથિયાર વડે મારેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ ડૉકટર સાહેબ રૂબરૂ કોઈના નામ લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે નિવેદનમાં શું લખેલ તે કાંઈ જાણતાં નથી, તેઓએ નિવેદન વાંચેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે આરોપીઓ પાસે કોઈ હથિયાર ન હતાં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ તેઓને કોઈ ધમકી આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ તેઓના મોબાઈલ ફોનને નુકસાન કરેલ નથી.

(સી) ફરિયાદપક્ષે તપાસેલા ઉપરોકત સાહેદોના પુરાવા પરથી એટલું ફલિત થાય છે કે, બનાવમાં સાહેદ મહેન્દ્રભાઈ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં. ફરિયાદ મુજબ આ કામના આરોપીઓએ ફરિયાદી નિશાબેન તથા સાહેદ મહેન્દ્રભાઈને બિભત્સ ગાળો આપી આરોપી નં.૪નાએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારી ઝપાઝપી કરતાં ફરિયાદીના હાથમાં રહેલ ઓપ્પો મોબાઈલ તથા આઈફોન મેકસ પ્રો મોબાઈલ ફોન નીચે પડી જતાં આરોપી નં.૧નાએ ફરિયાદીનો ઓપ્પો મોબાઈલ અને આરોપી નં.૩નાએ ફરિયાદીનો આઈફોન મેકસ પ્રો મોબાઈલ ફોન જમીન પર પછાડી તોડી નાંખી કુલ રૂા.૮૧,૫૦૦/-નું નુકસાન પહોંચાડી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદી નિશાબેન તથા સાહેદ મહેન્દ્રભાઈએ તેમની જુબાનીમાં બનાવ હકીકતને સમર્થનકારી

કોઈ પુરાવો આપેલ નથી અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ હોય તેઓના પુરાવાથી આંક–૦૯વાળી ફરિયાદ પુરવાર થતી નથી. બચાવપક્ષે ફરિયાદી તથા સાહેદોની ઉલટતપાસ કરેલ છે તેમાં પણ ફરિયાદી નિશાબેન તથા સાહેદ મહેન્દ્રભાઈએ આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજો કોઈ બનાવ બનેલ નહીં અને આરોપીઓએ તેઓને કોઈ ગાળો આપેલ નથી કે ગડદાપાટુનો માર મારેલ નથી અને તેઓના મોબાઈલ ફોનને નુકસાન પહોંચાડેલ નથી તેવું સ્વીકારેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૧થી ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ, આંક–૧૨થી ફરિયાદીના ઈજા પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ છે જે બચાવપક્ષે કબુલ કરતાં રજૂ થયેલ છે પરંતુ ફરિયાદીપક્ષના મૌખિક પુરાવાથી ફરિયાદ હકીકત પુરવાર થયેલ ના હોય આ દસ્તાવેજો ફરિયાદપક્ષને મદદરૂપ થતાં નથી.

(ડી) આમ, સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં, ગઈ તા.૧૬–૦૧–૨૦૨૪ સાગર ફ્લેટ, વિભાગ–૦૨, મણિયાસા સોસાયટી, મણિનગર પૂર્વ, ખોખરા, અમદાવાદ શહેર ખાતે આરોપી નં.૦૧નાએ અગાઉ થયેલ ઝઘડાની અદાવતમાં સાહેદ મહેન્દ્રભાઈ સાથે બોલાચાલી કરી બિભત્સ ગાળો આપેલ અને તે પછી આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદીને બિભત્સ ગાળો આપેલ અને આરોપી નં.૪નાએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારી ઝપાઝપી કરતાં ફરિયાદીના હાથમાં રહેલ ઓપ્પો મોબાઈલ તથા આઈફોન મેક્સ પ્રો મોબાઈલ ફોન નીચે પડી જતાં આરોપી નં.૧નાએ ફરિયાદીનો ઓપ્પો મોબાઈલ અને આરોપી નં.૩નાએ ફરિયાદીનો આઈફોન મેક્સ પ્રો મોબાઈલ ફોન જમીન પર પછાડી તોડી નાંખી કુલ રૂા.૮૧,૫૦૦/–નું નુકસાન પહોંચાડી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોય તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. રેકર્ડ પરના પુરાવાથી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭ અને ૧૧૪ ના આવશ્યક તત્વોનો અભાવ જણાતો હોય આ અદાલત મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો હુકમ ફરમાવે છે.

## –:://હુકમ//::–

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫(૧) મુજબ આરોપી નં.(૧) મુકેશભાઈ ઉર્ફે ગુલ્લુ રામનયન નિશાદ, ઉ.વ.૪૩, (૨) રાજેશભાઈ ઉર્ફે ગુડ્ડુ રામનયન નિશાદ, ઉ.વ.૪૮, નં.૧ અને ૨ રહે. એ/૦૪, સાગર એપાર્ટમેન્ટ, વિભાગ–૦૨, મણિયાસા, મણિનગર પૂર્વ, ખોખરા, અમદાવાદ શહેર, (૩)રમેશભાઈ ઉર્ફે ગોપી રામનયન નિશાદ, ઉ.વ.૫૨, (૪) નિતાબેન રમેશભાઈ ઉર્ફે ગોપી નિશાદ, ઉ.વ.૪૮, નં. ૩ અને ૪ રહે.એ/૧૭, પિંકી એપાર્ટમેન્ટ, મણિયાસા,મણિનગર પૂર્વ, ખોખરા, અમદાવાદ શહેરનાઓને તેમની સામેના આક્ષેપિત ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭ અને ૧૧૪ મુજબના શિક્ષા પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીઓના જામીન તથા જામીન ખત આથી રદ કરવામાં આવે છે અને આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ નવા જામીન આપવા.

(૩) અપીલ સમય વિત્યે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ ૨૧મી માહે ઓક્ટોબર સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૨૧–૧૦–૨૦૨૪**
**અમદાવાદ શહેર.**

**(એ. જી. ઓઝા)**
**૧૯મા એડિ. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં.૧૩) અમદાવાદ શહેર.**
**કોડ નં.જીજે–૦૦૮૩૯**